# બનાસકાંઠા ભાજપ પાર્ટીના જિલ્લા માલધારી સેલ સહ-કન્વીનરનું રાજીનામુ

ડીસા, તા. ૧૮

બનાસકાંઠા ભાજપ પાર્ટીના મોટાગજાના કેટલાક નેતા અને હોદ્દેદારોની આપખુદ નેતાગીરી અને ટાટિયા ખેંચ પ્રવૃત્તિથી નીચેના સાચા કર્મશીલ કાર્યકરો કેવા પીડિત થાય છે તેનો નગ્ન ચિતાર રજુ કરી બનાસકાંઠા ભાજપ જિલ્લા માલધારી સહ-કન્વીનર કલ્યાણભાઈ રબારીએ પોતાના પદ પરથી રાજીનામુ ધરતા બનાસકાંઠાનું રાજકારણ ગરમાયું છે.

રાજ્ય અને દેશભરમાં પ્રચાર અને પ્રસાર માધ્યમોમાં ભાજપ પી.એમ. પદના ઉમેદવાર નરેન્દ્રભાઈ મોદીની હવાના સતત વહેતા સમાચારો વચ્ચે પાર્ટીમાં કામ કરતા પાયાના કાર્યકરોની કેવી અવહેલના થાય છે તેવી એક ઘટના પ્રકાશમાં આવેલ છે. ત્યારે બનાસકાંઠા જિલ્લા ભાજપ માલધારી સેલના સહ-કન્વીનર કલ્યાણભાઈ રબારીએ પોતાના હોદ્દા પરથી આજે જિલ્લા ભાજપ કાર્યાલય પહોંચી રાજીનામુ આપતા ભાજપમાં સન્નાટો છવાયો છે કેમ કે, આ જિલ્લાના મહત્વના માલધારી સેલના હોદ્દેદારે પોતાના રાજીનામાના કારણમાં પોતાની પાર્ટી તરફથી થતી સતત અવહેલના અને ઉપેક્ષાને જવાબદાર ઠેરવી છે. વાત કરીએ કલ્યાણભાઈ રબારીની તો તેઓ ઘણા વર્ષથી તેઓ ભાજપના સક્રિય કાર્યકર છે, જેમાં આ ફાયર બ્રાન્ડ નેતાએ પ્રથમ ડીસા તાલુકા યુવા મોરચા મહામંત્રી તરીકે અને તે બાદ ગૌ સર્વધન સેલના જિલ્લા કન્વીનર તરીકે કામ કરેલ છે. તો વળી, તેમને જન કલ્યાણ મંડલના પ્રમુખ તરીકે પણ કામ કરતા રહીને સાચા સેવક તરીકે નામના મેળવી હતી. જો કે તે બાદ તેમને જાહેર હિતાર્થે તાજેતરમાં સરકારના અયોગ્ય રીતે લગાવેલા કનિષ્ક ધારામાં સી.એમ.ઓન લાઈનમાં ફરિયાદ કરતા તેમજ ડીસા રાણપુર રોડ નવીનીકરણ માટે સરકાર સામે રજૂઆત કરતા તેમજ કંસારી ખાતેના ટોલટેક્ષ સરકાર સામે ન્યાય માગંતા તેમજ દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી મામલે પુનઃ વસન સામે ન્યાય માંગતા અને ઘરમાં નંબર પ્લેટ લગાવતા બોગસ માણસો સામે ફરિયાદ કરતા આ તમામ જાહેર હિતની વાતોથી સ્થાનિક બીજેપી નેતાગીરીમાં તેમના તરફે વિરોધ શરૂ થયો હતો. જો કે આ તમામ બાબતો લોકોના હિતની હોઈ તેમની સાથે લોકો સ્વયંભુ જોડતા અન્ય આગેવાનોએ તેમની ઉપેક્ષા કરી અને તેમને કટ આઉટ કરતા તેમને આ બાબતે આખરી ઉપાયે આજે ભાજપ પાર્ટીના તેમના જિલ્લા માલધારી સહ-કન્વીનરના હોદ્દા પરથી રાજીનામુ આપેલ છે. કલ્યાણભાઈ રબારીના ભાજપ જિલ્લા કાર્યાલય બનાસકાંઠાને આપેલા રાજીનામામાં તેમને સ્પષ્ટ જણાવેલ છે કે આ મામલે જિલ્લા માલધારી સહ-કન્વીનર કલ્યાણભાઈએ જણાવેલ કે 'અમારા પ્રયાસો થકી રબારી સમાજ ભાજપ સાથે જોડાતા બનાસકાંઠાનો રબારી સમાજ ભાજપમાં પણ પોતાની નેતાગીરી સ્થાપિત થાય તેમ ઈચ્છતો હતો પરંતુ કેટલાક લોકોએ સ્થાનિક જિલ્લાનો કોઈ રબારી આગેવાન પક્ષમાં નેતાગીરી ન કરે તે માટે ગંદી રાજનીતિ આચરીનો જિલ્લા બહારના સમાજના આગેવાનોને નેતૃત્વ અપાયું છે તો વળી, તેમને રબારી સમાજના નિર્ણાયક મત હોવા છતાં સંગઠનમાં તેમની અપેક્ષા, લોકસભા અને વિધાનસભામાં આજ દિન સુધી ટીકીટ ન ફાળવવી જેવી બાબતોમાં રબારી સમાજની અપેક્ષા થતી રહી છે. તેનું ભારોભાર દુઃખ છે તેવું તેમને જણાવેલ છે. તેમને ખુલમખુલ્લા ન્યાયિક બંડ પોકારી જણાવેલ છે કે જાહેર હિતના પ્રજાના કામો મેં હાથમાં લીધા હતા જેનાથી ભાજપ સરકારને ક્રેડીટ મળ્યું હોત, પરંતુ પક્ષના નેતાઓએ તેનાથી ઉલટુ અમોને ચુપ રહેવા અને આવા પ્રશ્નો ન ઉઠાવવા સલાહ આપી હતી અને તેનું કારણ શું હશે તે આજદિન સુધી સમજી શકાયું નથી જેથી આવી નેતાગીરી સાથે કામ કરવાનું દિન-પ્રતિદિન અઘરૂ થતા આખરી ઉપાયે મેં રાજીનામુ આપેલ છે.

## બેચરાજી ખાતે ચૈત્રી માસ નવરાત્રી મહોત્સવ ઉજવાશે

મહેસાણા, તા.૧૮

શ્રી બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા સંવત ૨૦૭૦ના ચૈત્રી માસ નવરાત્રી મહોત્સવ ૨૦૧૪ ઉજવાશે. જેમાં ૩૦ માર્ચના રોજ મંદિર પ્રક્ષાલન વિધિ બપોરે ૧૪-૦૦ કલાકે, ઘટ સ્થાપન વિધિ ૩૧ માર્ચના રોજ સવારે ૭.૩૦ કલાકે, શતચંડી યજ્ઞ પ્રારંભ ૫ એપ્રિલના,રોજ સવારે ૧૦ કલાકે, શતચંડી યજ્ઞ પુર્ણાહુતિ ૭ એપ્રિલના રોજ ૧૬.૩૦ કલાકે, માતાજીની આઠમની સવારી તથા પલ્લી ખંડ નૈવેધ ૭ એપ્રિલ ૧૨ કલાકે તેમજ માતાજી આઠમની સવારે ૭ એપ્રિલ રાત્રે ૯.૩૦ કલાકે નવરાત્રી ઉત્થાપન વિધિ ૯ એપ્રિલ સવારે ૭.૧૫ કલાકે આસો સુદ ૧૫ની માતાજીની સવારી ૧૫ એપ્રિલના રોજ રાત્રે ૯.૩૦ કલાકે નીજમંદિરમાંથી નીકળી શંખલપુર મુકામે જશે. આ ઉપરાંત ભાવિક યાત્રિકો માટે ૧૪ એપ્રિલ સવારે ૫ કલાકથી ૧૫ એપ્રિલ મંગળવારના પુનમની રાત્રે માતાજીની સવારી પરત આવે ત્યાં સુધી દર્શનાર્થીઓ માટે નીજ મંદિરના દ્વાર સતત ખુલ્લા રખાશે તેમ વહીવટદાર બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટની અખબારી યાદીમાં જણાવાયું છે.

# દાંતીવાડા સરદાર કૃષિનગરમાં યુવતીએ આત્મહત્યા કરી



(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)


દાંતીવાડા, તા. ૧૮

દાંતીવાડા સરદાર કૃષિ યુનિવર્સિટીના સ્ટાફ ક્વાટર્સમાં રહેતી એક પરણીત યુવતીએ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ભારે ચકચાર મચી જવા પામી હતી. આ આત્મહત્યા અંગે પોલીસને જાણ થતા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દાંતીવાડા સરદાર કૃષિ યુનિવર્સિટીના સ્ટાફ ક્વાટર્સ ખાતે બ્લોક નં. ચારમાં રહેતી મનીષાબેને આજે અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ લીધો હતો. યુવતીના પતિ નારણભાઈ સાધુ બહાર ગયા હતા અને બાદમાં ઘરે પરત આવતા પોતાની પત્નીએ સાડી વડે ગળે ફાંસો ખાધેલ હાલતમાં મૃતદેહ દેખતા ચોંકી ઉઠ્યા હતા. આ સંદર્ભે મૃતક યુવતીના પતિએ પાથાવાડા પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે મહિલાના મૃતદેહને પીએમ અર્થે પાલનપુર સિવિલ ખાતે મોકલી આપ્યો હતો અને આત્મહત્યા અંગે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# પાલનપુર બસ સ્ટેન્ડમાં ચાર મુસાફરોએ તોડફોડ કરી





(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૧૮

પાલનપુરના સેન્ટ્રલ એસ.ટી. સ્ટેન્ડ પર સુરત જવાની ટીકીટ રીઝર્વ કરાયેલ મુસાફરોને રાત્રે બસ ન મળતા ઉશ્કેરાઈ બે પુરૂષ અને બે મહિલાઓએ લાલઘૂમ થઈ ફરજ પરના વોચમેન સાથે માથાકુટ કરી હતી અને કંટ્રોલ કેબીનમાં તોડફોડ કરી કમ્પ્યૂટર સહિતના સામાનને ભારે નુકશાન કર્યુ હતુ. ઘટનાને પગલે એસ.ટી. વર્તુળમાં ચકચાર મચાવી દીધી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પાલનપુર એસ.ટી. સ્ટેન્ડ પર તા. ૧૭ની મોડી રાત્રે જીજે-૮-આર-૧૮૩૫ નંબરની મારૂતિકારમાંથી બે પુરૂષ અને બે મહિલા બસ સ્ટેન્ડમાં આવ્યા હતા. તેમણે સ્ટેન્ડમાં ફરજ બજાવતા વોચમેન ધુળાજી ખોડાજી વાઘેલાને કહ્યું કે 'અમે ઓનલાઈનથી ઝાલોદ-સુરત બસનું રીઝર્વેશન કરાવેલ છે. તો બસ કેમ નથી આવી? ધુળાજીએ જવાબ આપતા કહ્યું કે તહેવારના કારણે બસ મોડી હશે તો આવી જશે. જવાબ સાંભળતા જ ચારે જણા ઉશ્કેરાઈ જઈ કંટ્રોલ પોઈન્ટની કેબીનમાં તોડફોડ કરી કમ્પ્યુટર સહિત અંદાજીત ૩૦ હજારનું નુકશાન પહોંચાડ્યું હતું. વોચમેન ધુળાજીએ ઘટનાની જાણ એસ.ટી. અધિકારી લક્ષ્મણસિંહ વાઘેલાને કરતા જીજે-૮-આર-૧૮૩૫ના ચાલક સહિત ત્રણ સામે ફરિયાદ કરતા પોલીસે ભાગી ગયેલ મુસાફરોને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# મહેસાણા નજીક નજીવી બાબતે પદયાત્રિકો પર હથિયારો વડે હુમલો એક પદયાત્રિકનું મોત

મહેસાણા, તા. ૧૮

મહેસાણા નજીક અમદાવાદ હાઈવે પર પગપાળા સંઘની સાથે કાર અથડાવાતા મામલે ઉશ્કેરાયેલા કેટલાક ઈસમોએ પદયાત્રિકો પર ઘાતક હથિયાર વડે હૂમલો કરતાં એક યુવાન પદયાત્રીનું મોત નિપજ્યું હતું. જ્યારે મારામારીમાં સાત જેટલા વ્યક્તિઓને વત્તાઓછા પ્રમાણમાં ઈજાઓ થઈ હતી. પદયાત્રીની હત્યાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી મચી ગઈ હતી.

વિગત એવી છે કે અમદાવાદ સોલાથી પગપાળા સંઘ ઉમિયા માતાજીના મંદિરે ઊંઝા ગયો હતો. હોળીના દિવસે સવારે માતાજીના દર્શન કરીને આ સંઘ પરત અમદાવાદ જવા નીકળ્યો હતો ત્યારે માર્ગમાં મહેસાણા નજીક અમદાવાદ હાઈવે પર શિવાલા હોટલ નજીક રોંગ સાઈડમાં આવેલ મેક્સજીપકાર સાથે પદયાત્રિકોની કાર સાથે ટકરાઈ હતી. આથી બોલાચાલી થયા બાદ મામલો ઉગ્ર બન્યો હતો. આ સમયે પીકઅપ ડાલામાં આવેલા કેટલાક ઈસમોએ અચાનક ઘાતક હથિયારો વડે પદયાત્રીકો પર હૂમલો કર્યો હતો. જેમાં ઈજાગ્રસ્તો પૈકી દેવાંગ ઉર્ફે માઈકલ શૈલેષભાઈ પટેલ ઉ.વ. ૨૭નું મોત થયું હતું. આ હૂમલામાં બંને પક્ષોના સાત જેટલા વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી. જેઓને સારવાર માટે મહેસાણા સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. પગપાળા સંઘના યાત્રાળુઓ પર થયેલ હૂમલામાં એક યુવાનનુ મોત નિપજતાં સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી મચી ગઈ હતી. આ બનાવ અંગે મહેસાણા તાલુકા પોલીસે આ ગુનામાં સંડોવાયેલ આરોપીઓ પૈકી ચાર શખ્સોની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

દરમિયાન બીજા એક બનાવમાં હોળીના દિવસે જ મહેસાણા ખાતે વિસનગર રોડ પર હયાત રેસીડેન્સી ફ્લેટ નીચે કેટલાક મુસ્લિમ યુવાનો બેઠા હતા ત્યારે એક યુવાને રીવોલ્વર જેવા હથિયાર વડે અચાનક ખાનગી ગોળીબાર કર્યો હતો. જેમાં મહેસાણાના બાબાખાન નામના વ્યક્તિને ઈજાઓ થતાં તેઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. જૂની અદાવતને કારણે આ બનાવ બન્યો હોવાનું કહેવાય છે.

# પાલોદર મેળાને પગલે ડાયવર્ઝન અપાયું

મહેસાણા, તા.૧૮

૨૬ માર્ચ ૨૦૧૪થી ૨૯ માર્ચ ૨૦૧૪ દરમિયાન પાલોદર ગામે જોગણી માતાજીનો મોટો મેળો ભરાનાર છે. આ મેળામાં ટ્રાફિકની વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એસ.જે. પટેલે આ દિવસોમાં પાલોદર ગામના રસ્તે ડાયવર્ઝન અપાયું છે. જેમાં મહેસાણા તરફથી પાલોદર જતા વાહનો રામોસણા ચાર રસ્તાથી પ્રવેશ કરી રામોસણાથી પાલોદર તરફ જશે. પાલોદરથી બહાર જતા વાહનો પાલોદરથી ફતેહપુરા ગામે જતા રોડ થઈ હાઈવે રોડ ઉપર જશે. હાઈવે થઈ ફતેહપુરા પાટીયા થઈ પાલોદર આવતા વાહનોનો પ્રવેશ બંધ રહેશે. ઊંઝા હાઈવે રોડ તરફથી પાલોદર આવતા વાહનો પ્રવેશ માર્ગે હાઈવે સોનેરીપુરા પાલોદર અને બહાર જવાનો માર્ગ પણ તે જ રહેશે. પાર્કિંગ વ્યવસ્થા પ્રાથમિક શાળા પાલોદર નજીક રહેશે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર ગણાશે. આ હુકમ ૨૬ માર્ચ ૨૦૧૪થી ૨૯ માર્ચ ૨૦૧૪ દરમિયાન લાગુ પડશે તેમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.



હોળી ધૂળેટી પર્વની ઉજવણી વર્ષોની પરંપરા મુજબ ઉજવવામાં આવે છે. આજે પણ રાજસ્થાનથી આવેલ મારવાડી માળી સમાજના પરિવારોમાં ગૈરી પાસે ઢોલના તાલે ગેર રમી ધૂળેટીનો ઉત્સવ મનાવવામાં આવે છે. ગ્રામજનો ધોત ખમીસ પાઘડી અને હાથમાં લાકડીઓ લઈ અનેરો ઉત્સવ ઉજવે છે. (તસવીર : કાન્તિલાલ લોધા)



પ્રાંતિજ પંથકમાં હોળી-ધૂળેટીનો ઉત્સવ શહેરીજનોએ શાંતિપૂર્ણ માહોલમાં ઉજવ્યો હતો. શહેરના જુદા જુદા આઠ જેટલા વિસ્તારોમાં હોળીકા દહનના વિધિ વિધાન પ્રમાણે હોલીકા માતા કી જયના જય ઘોષ સાથે હોળીકા દહન કરવામાં આવ્યું હતું. શ્રધ્ધાળુઓએ હોળીમાં ધાણી, ખજૂર, ચણા, સીંગ વગેરેનો અભિષેક કર્યો હતો અને બાદમાં હોળીની પ્રદક્ષિણા કરી હતી. નગરજનોએ પણ સામુહિક રંગો છાંટી હોળી-ધૂળેટી પર્વની ઉજવણી કરી હતી. (તસવીર : સંજય રાવલ)

# મહેસાણા જિલ્લામાં એમ.એ.સી.પી. કેસોની લોક અદાલત ૨૨ માર્ચે યોજાશે

મહેસાણા, તા.૧૮

જિલ્લા કાનૂની સેવા મંડળ મહેસાણા દ્વારા જિલ્લા અદાલત મહેસાણા તેમજ મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ વિસનગર ખાતે ૨૨ માર્ચ ૨૦૧૪ના રોજ સવારે ૧૦.૩૦ કલાકથી ફકત મોટર અકસ્માત વળતર કેસોની જનરલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે. આ લોક અદાલતમાં સમાધાન પાત્ર મોટર એકસીડન્ટ કલેઈમ કેસો મુકી શકાશે. જેની જાહેર જનતાને તથા તમામ પક્ષકારોને જાણ કરવામાં આવે છે. વધુમાં જે સંબંધકર્તા ઈસમો પોતાના મોટર અકસ્માત વળતરના પેન્ડીંગ કેસો અદાલતમાં મુકવા ઈચ્છુક હોય તો તેઓએ સંબંધિત કોર્ટનો અથવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ મહેસાણાને માર્ચ સુધીમાં સંપર્ક કરવા જલ્લા કાનુની સેવા સત્તા મંડળના સેક્રેટરીની અખબારી યાદીમાં જણાવાયું છે.

# પ્રાંતિજમાં કંકુબાનો જીવતચરા પ્રસંગ ધામધૂમપૂર્વક ઉજવાયો

પ્રાંતિજ, તા. ૧૮

પ્રાંતિજના પટેલવાડી વિસ્તારમાં રહેતા કંકુબા અલખભાઈ પટેલે ૮૬માં વર્ષમાં પ્રવેશ કરતા પૂનમના દિવસે જીવતચરા કરવામાં આવી હતી. જેમાં સમાજ તથા અન્ય સમાજના લોકોને પ્રિતિ ભોજનમાં પાકુ ભોજન પિરસવામાં આવ્યું હતું.

પ્રાંતિજમાં હર્યાભર્યા પરિવારમાં સમગ્ર પરિવારને ઉચ્ચ કક્ષા સુધી ભણી ગણાવી નોકરી ધંધા સુધી પહોંચાડી ચુક્યા છે. અને તેમના પુત્ર પણ હાલ નિવૃત્ત થઈ ચુક્યા છે. ૮૬ વર્ષની ઉંમરે આજ દિન સુધી કોઈ દવા લેવાની જરૂર પણ તેમને પડી નથી. ઉપરાંત પરિવારજનો પણ તેમની ખુબ સેવા ચાકરી કરી રહ્યા છે. આજે તેમની જીવતચરા કરવા માટે સમાજવાડી ખાતે પ્રિતિ ભોજન પાકુ આપવામાં આવ્યું હતું અને કંકુબાના આશીર્વચન લીધા હતા.

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ચી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ તથા મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧